Author:

# ૧૯મી સદીમાં વિધવા પુનઃલગ્ન માટે થયેલા પ્રયાસો

**VAGHELA SANDIPKUMAR KESABHAI**

Student

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

૧૯મી સદીમાં વિધવા પુનઃલગ્ન માટે થયેલા પ્રયાસો

હિંદુ સ્ત્રીઓની દયાજનક અને લાચાર પરિસ્થિતિમાં ઉત્તરોત્તર સુધારણા કરવામાં આવેલા કાયદાઓમાં વિધવા પુનર્લગ્નનો કાયદો એ દિશામાં એક બીજે સીમાચિહ્ન છે . હિંદુ સમાજમાં પ્રચલિત બાળલગ્નોની પ્રથાને કારણે બાળ વિધવાઓનું પ્રમાણ ખૂબ વધી જવા પામ્યું હતું . હિંદુ કાયદાઓ અને હિંદુ શાસ્ત્રોએ અમુક ચોક્કસ સંજોગોમાં વિધવાઓને પુનર્લગ્ન કરવાની છૂટ આપી છે . ખાસ કરીને જેનો પતિ ગૂમ થયો હોય , મૃત્યુ પામ્યો હોય ,સંન્યાસ લીધો હોય કે જ્ઞાતિ બહાર મુકાયો હોય તેવી નિઃસંતાન વિધવાને બીજો પતિ કરવાની ( પુનર્લગ્ન ) છૂટ આપવામાં આવી છે . બીજા લગ્નથી થતાં સંતાનોને કાયદેસરના વારસ તરીકે પણ માન્ય કરવામાં આવ્યાં છે . પરંતુ આ કાયદો અને રિવાજ ચાલુ રહી શક્યો નહીં અને ખાસ કરીને ઉચ્ચ હિંદુ વર્ગોમાં વિધવાના પુનર્લગ્ન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો . (1)

હિંદુ સ્ત્રીઓની સ્થિતિ ક્રમશઃ સુધારવાના પ્રશ્નમાં સમાજસુધારકાનું ધ્યાન વિધવાપુનલગ્નની બાબત પર કેન્દ્રિત થયું , સતીપ્રથા નાબૂદ કરવાની ચળવળ સાથે સાથે વિધવા પુનર્લગ્ન માટેની ચળવળ પણ ચાલતી હતી . હિંદુ કાયદા પ્રમાણે અમુક જરૂરિયાત ઊભી થતાં વિધવાને ફરીથી પરણવાનો અધિકાર હતો અને બીજા લગ્નથી થયેલા સંતાનો કાયદેસર વારસ તરીકે સ્વીકારવામાં આવતાં , પણ આ કાયદો સમય જતાં ભુલાઈ ગયો અને ઉચ્ચ વર્ગોમાં મધ્યકાલીન સમયમાં આવાં લગ્ન પર સખત પ્રતિબંધ મુકાયો. બ્રિટિશ શાસન સ્થપાયું તે પહેલાં સિરાજુદૌલાના વખતમાં ઢાકાના રાજા રાજવલ્લભ જે પોતાની વિધવા પુત્રીને ફરી પરણવા ઉત્સુક હતા , તેમણે આ પ્રશ્નને ભારતભરના પંડિતો સમક્ષ રજૂ ર્યો અને સ્મૃતિશાસ્ત્રોમાં દર્શાવ્યા મુજબની શરતો અનુસાર તેઓ એ લગ્ન માટે પરવાનગી આપે તેવો અનુરોધ કર્યો . ધાર્મિક દૃષ્ટિએ તે લગ્ન માન્ય હતું એમ છતાં રિવાજ અને રૂઢિ એટલાં પ્રબળ હતાં કે રાજવલ્લભના પ્રયાસોને સફળતા મળી નહિ . (2)

સુધારક સંસ્થાઓમાં અને તેની બ્રાહ્મસમાજે પોતાના સમાજમાં વિધવાપુનર્લગ્નપ્રથા દાખલ કરી પ્રત્યાઘાતી અસર સનાતન હિન્દુસમાજ પર પડી . ૧૮૨૯માં સતીપ્રથા નાબદીથી

પ્રોત્સાહિત બની હિંદુ સ્ત્રીઓએ વર્તમાનપત્રોમાં કષ્ટો સ્ત્રીશિક્ષણને દૂર કરવાની ઉત્તેજન માગણી આપવા રજૂ કરી વિધવાપુનર્લગ્ન . ૧૮૩૭માં આવા કલકત્તામાં સુધારાની કેટલાક અને તેમને પ્રગતિશીલ ભોગવતાં લોકોએ પડતાં અને પરનો અંકુશ દૂર કરવા કલકત્તાનાં વર્તમાનપત્રોએ વિધવાના પ્રશ્નને હિલચાલ કરી . સુધારા અભિપ્રાય માટે માગ્યો ચળવળ . ૧૮૪૦ના શરૂ થઇ . આ પ્રશ્નમાં મુંબઇ મહત્ત્વ સરકારે આપ્યું તેના . આ અધિકારીઓ સમયે મુંબઈમાં અને પણ પંડિતોનો આવા દશકામાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે આ પ્રશ્નને ખૂબ કેટલાકે ઉત્સાહ વિધવાપુનર્લગ્ન કરી દાખલા બેસાડયા (3)

વિદ્યાસાગરનું ઇ . સ . ૧૮૫૩ માં વિધવા વિવાહનું પુસ્તક પ્રગટ થતા આખા બંગાળામાં ખળભળાટ મેચી ગયે . ઘેરઘેર એ વાત ચર્ચાવા લાગી ,જાઓ ત્યહાં વિદ્યાસાગરનું નામ જ સાંભળવામાં આવતું . ઘણાઓએ એમને ખૂબ ગાળો માંડી .વિદ્યાસાગરની દલિનું ખંડન કરવામાં મનમાની ગાળોને વરસાદ વરસાવ્યા .વિદ્યાસાગરે એ ટીકાકારેના જવાબમાં સઘળા આક્ષેપના ખુલાસારૂપ એક માટે પ્રસ્થ લખ્યો . એ પ્રત્યે પ્રસિધ્દ્ થવાથી બધા વિરોધીઓ બંધ થઇ ગયાં , અને હજારે માણસે હેમના પક્ષમાં આવ્યા , જે કે હેમના ઉપર આક્ષેપ કરવામાં લોકોએ હેમને અસંખ્ય ગાળો દીધી હતી . તે પણ એમણે ઘણાજ મધુર શબ્દનો પ્રયોગ કરીને અને પ્રબળ દલિને આધાર લઇને જ એ લેખકોને શરમાવી નાખ્યા .તેમ વિદ્યાસાગરના આ ઠંડા દિલના જવાબે બધા વિરોધીઓને શાન્ત કરી દીધા . આ હિલચાલ આગળ વધારતાં વિદ્યાસાગરને એક અડચણ નડી . એ અડચણ એ હતી કે બંગાળામાં દાયભાગના કાયદા મુજબ પુનર્લલગ્ન કરેલી સ્ત્રીનાં સંતાન પોતાના પિતાની મિલકતના વારસ નહેતા થઇ શકતા , એટલા માટે હેમણે સરકારને એવી અરજી કરી કે વિધવાના બીજી વારના પતિથી જન્મેલા સંતાનને દાયભાગના અધિકારી ગણવા . આ અરજી ઉપર બંગાળાના જમીનદારો અને વિદ્વાન નામાંક્તિ પંડિત વગેરેની એક હજાર સહીઓ હતી . તે ઉપરાંત પ્રસન્ન કુમાર ઠાકુર ,પ્યારી ચરણ સરકાર , રાજા પ્રતાપચન્દ્ર વગેરે નામાંકિત નરેએ પણ સહીઓવાળી બીજી અરજી મોકલી . રાજા મહતાબચન્દ્ર રાજદરબારમાં ઘણું પ્રતિષ્ઠિત ગણાતા હતા , હેમણે પિતાની તરફથી એક સ્વતંત્ર અરજી લખીને આ મતનું ઘણુ યુક્તિ પૂર્વક લગભગ પચ્ચીસ હજાર કેળવાયેલા મનુષ્ય વિધવા ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર , વિવાહની પક્ષમાં કાયદો ઘડાવવા આતુર છે એ જાણીને બંગાળામાં ભારે ખળભળાટ મચી રહ્યા . વિદ્યાસાગરના આગ્રહથી ઓનરેબલ જે . પી . ચાન્ટ સાહેબે ગવર્નર જનરલની સભામાં એ બિલને લગતા સવાલ ઉત્સાહ પૂર્વક ઉપાડી લીધે . એ

સહદય અંગ્રેજો એ પ્રસંગે જે ભાષણ આપ્યું હતું તે દરેક ગૃહસ્થ મનન કરવા યોગ્ય છે સ્થળ સંકોચને લીધે , હમે તે ઉતારી શકતા નથી , પણ હેમના હદય ઉછાવાસના છેલ્લા કેટલાક શબ્દો અને ઉતારવાની લાલચને રોકી શકતા નથી . ઓનરેબલ મિસ્ટર ગ્રાન્ટ એ ભાષણમાં કહ્યું હતું કે " જે હારી ખાત્રી થશે કે આ કાયદો પસાર થવાથી એક પણ બાલિકા વૈધવ્યના ત્રાસમાંથી બચશે તે , હું તે એકલીને માટે આ કાયદો પસાર કરાવીશ ,જે હું એમ માનતે ( જો કે એથી ઉલટી વાતની મહારી ખાત્રી છે ) કે આ કાયદો પસાર થયાથી કાંઇ વળશે નહીં , પણ હું ફકત અંગ્રેજ નામની પ્રતિષ્ઠા ખાતર એ કાયદો પસાર કરાવીશ . ' આ પ્રમાણે મિસ્ટર જેમ્સની સહાયતાથી વિધવા વિવાહ વિધાયક કાયદો તા . ૨૬ મી જુલાઇ ૧૮૫૬ ને રોજ પસાર થશે . આ કાયદો પસાર થવાથી એમને ઉત્સાહ ઘણો વધી ગયે , અને .એ તનમનધનથી એ પ્રયત્નમાં ચાલુ રહ્યા . આખરે શકે ૧૭૭૮ બંગાળી સંવત ૧૨૬૨ ના માગશર વદી ૮ ને રોજ વિદ્યાસાગરની કીર્તિને દુર્દશીનાદ વાગી રહ્યા . એ દિવસ કલકત્તા નગરમાં પ્રથમ પુન લિંગ થયું , વર કન્યા બન્ને ઉચ્ચ બ્રાહ્મણ જાતિનાં હતાં . કન્યાનું નામ કાલીમતી દેવી હતું અને વરનું નામ શ્રીશચન્દ્ર હતું . શ્રીશચન્દ્ર એક વિદ્વાન બ્રાહ્મણ હતા અને સંસ્કૃતની ઉચ્ચ પરીક્ષા આપીને વિદ્યા રત્નની ઉપાધિ મેળવી હતી . આ લગ્નને વરઘેડ જેવાને લોકોની પુષ્કળ ભીડ એકઠી થઇ હતી , સુકિયા સ્ટ્રીટ અને હેની પાસેના મહિલાઓ માણસોથી ચીકાર ભરાઇ ગયા હતા . આ લગ્ન સમારંભ વખતે કેટલાક રાજ મહારાજાઓ ઉપરાંત કલકત્તાની સંસ્કૃત કોલેજના અધ્યાપકે સુપ્રસિધ્ધ પંડિત જયનારાયણ તર્ક પંચાનન , ભરતચન્દ્ર શિરોમણી , પ્રેમચન્દ્ર અને તારાનાથ વાચસ્પતિ આદિ હાજર હતા .હેમની સહાયતાથી લગ્નનું બધુકામ કુશલતા પૂર્વક સમાપ્ત થઇ ગયું . વાંચકોની જાણને સારૂ લખવું આવશ્યક છે કે આ કન્યાને પ્રથમ વિવાહ ચાર વર્ષની વયે થયે હતું અને ત્યાર પછી બે વર્ષ એટલે કે છ વર્ષની કુમળી વયે હેને વૈધવ્ય પ્રાપ્ત થયું હતું .હાર પછી થોડા દિવસમાં કુલીન કાયસ્થ ગૃહસ્થની બાર વઈની વિધવા કન્યાનું પુનર્લગ્ન થયું . આ કન્યાને એના પિતાએ તેિજ કન્યા દાન દીધું હતું . (4)

પાશ્ચાત્ય શિક્ષણ અને બુધ્ધિવાદી ચેતનાથી આ સામાજિક દૂષણની સામે ભારે અણગમો પેદા થવા પામ્યો . સુધારાવાદી બ્રહ્મોસમાજ જેવી સંસ્થાઓએ વિધવા પુનર્લગ્નની પ્રથાને પ્રચલિત કરવાની શરૂઆત કરી , જેનો પ્રભાવ અને પ્રત્યઘાત રૂઢિયુસ્ત હિંદુ સમાજ પર ભારે પડયો . બીજી બાજુ પશ્ચિમ ભારતમાં અને ખાસ કરીને મુંબઈમાં પ્રાર્થના સમાજના અગ્રણી મહાદેવ ગોવિંદ રાનડે

તેમજ આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીએ વિધવા પુનર્લગ્નનું સમર્થન કર્યું અને તેને પ્રચલિત બનાવવા માટે પ્રયાસો કર્યા .(5)

કવિ નર્મદાશંકર , કરસનદાસ અને મહીપતરામ સુધારાના સિધ્ધાંતો આચરણમાં ઉતારનારાઓ પૈકી મુખ્ય હતાં . મૂળ સુરતના વતની મહીપતરામે જ્ઞાતિ અને સમાજના વિરોધને અવગણીને ૧૮૬૦માં ઇંગ્લેન્ડ ગયા હતા . કરસનદાસ સામેનો ' મહારાજ લાયબલ ' કેસ અને પ્રથમ પુનર્લગ્ન પણ ૧૮૬૦માં થયાં હતાં . ૧૮૬૦માં કવિ નર્મદાશંકર સુધારક સૈન્યના સેનાની તરીકે વૈષ્ણવ સંપ્રદાયના જદુનાથ મહારાજ સાથે જાનના જોખમે વિધવાવિવાહ શાસ્ત્ર સંમત છે કે કેમ તે માટે વાદવિવાદમાં ઉતર્યા હતા . કવિએ એક વિધવાને આશ્રય આપ્યો હતો અને ૧૮૬૯ – ૭૦માં વિધવા નર્મદાગૌરી સાથે તેમણે લગ્ન કર્યા હતા . ૧૮૬૬માં લખેલ તેના પુસ્તક ' હિંદુઓની પડતી માં તેમણે વહેમ જવન સામે યુદ્ધ પોકાર્યું હતું .(6)

કરસનદાસ મુળજીને વિધવા વિવાહ ' ઉપર નિબંધ લખવા બદલ ઘર પડ્યું હતું , કાઠિયાવાડના વસવાટ દરમ્યાન રાજકોટ અને લીંબડીમાં પણ સુધારાની પ્રવૃત્તિ તેમણે ચાલુ રાખી હતા . સને ૧૮૬૨માં વિલાયત જવા બાબત તેમની જ્ઞાતિએ તેમને જ્ઞાતિ બહાર મૂક્યા . તેમના મિત્રમાધવદાસનું ધનકોર સાથે તેમણે વિધવા લગ્ન કરાવ્યું હતું અને આમ તેમની અનેકવિધ પ્રવૃત્તિથી સમાજસુધારાને વેગ મળ્યો હતો . ગુજરાતમાં પુર્નલગ્ન કરનાર મુખ્યત્વે વણિકો હતા . સને ૧૮૬૮માં ' પુર્નલગ્ન ' એસોસિયેશન અમદાવાદમાં સ્થપાયું પછી ૪૦ વરસમાં બાવીસ પુર્નલગ્ન થયાં હતા . અમદાવાદમાં પ્રથમ વિધવા વિવાહ ૧૮૭૪માં થયો .આ કારણે જૈનસમાજ ઉશ્કેરાઈ ગયો હતો . કોઈએ પ્રાર્થનાસમાજમાં જવા નહી અને દીકરીઓને કન્યાશાળામાં મોકલવી નહીં એવો ઠરાવ થવાથી કન્યાશાળામાં હાજરીમાં ૪૦ ટકા ઘટાડો થયો હતો . મહીપતરામે બાઈ જડી લલ્લુભાઈના પુર્નલગ્નમાં સહાય કરી હતી .(7)

કાયદાનું પીઠબળ મળ્યું હોવાં છતાં હિંદુ વિધવાઓના પુનર્લગ્નમાં કોઈ ખાસ પ્રગતિ થઈ શકી નહીં . બંગાળમાં પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે અને મુંબઈમાં મહારાષ્ટ્રમાં વિષ્ણુ પંડિત શાસ્ત્રીએ આ કાયદાનો વ્યાપક પ્રચાર કર્યો . ૧૮૬૬માં મુંબઈમાં ' વિધવા પુનર્લગ્ન મંડળ ' ની પણ સ્થાપના કરવામાં આવી છતાં પણ આ કાયદા પછી પણ વિધવાઓના પુનર્લગ્નોમાં બહુ મોટો વધારો ન થઈ શક્યો . હિંદુ વિધવાઓની સ્થિતિમાં સુધારો લાવવા માટે બીજા કેટલાક નામાંકિત

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

મહાનુભવોએ સ્તુત્ય પ્રયાસો કર્યા હતા . મહર્ષિ ડી . કે . કર્વેએ ૧૮૯૬માં પૂનામાં વિધવાશ્રમની સ્થાપના કરી હતી અને સમાજમાં દાખલો બેસે એ માટે પોતાની પ્રથમ પત્નીના મૃત્યુ પછી ૧૮૯૯માં તેમણે વિધવા સ્ત્રી સાથે લગ્ન કર્યા હતાં .આ ઉપરાંત મુંબઈમાં ફૂલે જોતિબા , સુરતના કરસનદાસ મૂળજી અને મદ્રાસમાં વૈરસાલિંગમ પાન્તલું એ વિધવાઓના ઉત્કર્ષ માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા હતા . ૨૦મી સદીમાં જેમ જેમ સ્ત્રી શિક્ષણનો ફેલાવો થતો ગયો અને જેમ જેમ સ્ત્રીઓમાં જાગૃતિ તેમ માટે આવવા લાગી તેમ સ્ત્રીઓની સમસ્યાઓને ઉકેલવા સામાજિક પણ સંસ્થાઓમાં વધારો થયો . તેમની પ્રવૃત્તિઓ વધારે વેગીલી અને જો ખીલી બનવા લાગી , પરિણામે વિધવા પુનર્લગ્નની પ્રથા ધીમે ધીમે પ્રચલિત થવા લાગી . (8)

## સંદર્ભ ગ્રંથ સૂચિ

1 શેઠ સુરેશભાઈ ચી. ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ 1999 પેજ ન.૧૬૬

2 પરીખ ડૉ રમેશકાન્ત ગો. ભારતનો ઇતિહાસ 1718 થી 1885 યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદપેજ ન.૨૮૮

3 પટેલ મુકેશ, ડો॰ખરવાસિયા,ફાલ્ગુની, નયનાબેન, ભારતનો ઇતિહાસ 1857 થી 1858 પોપ્યુલર પ્રકાશન સુરત પેજ નં, ૨૨૧

4 પંડિત શિવ પ્રસાદ દલપતરામ _ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર _પ્રવર્તક પ્રેસ_ અમદાવાદ 1919 પેજ નંબર ૬૩ ૬૪

5 શેઠ સુરેશભાઈ ચી. પૂર્વોક્ત ગ્રંથ પેજ ન.૧૬૭

6 રાજગોર શિવપ્રસાદ _અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ:_ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ 2018 પેજ નં ૯૬

૭ એજન પેજ નંબર ૯૭

8 શેઠ સુરેશભાઈ ચી. પૂર્વોક્ત ગ્રંથ પેજ ન.૧૬૮

VIDHYAYANA